BUSINESS મિત્ર Plus

# ઈરાન યુદ્ધ પણ ભારત માટે કોવિડ રોગચાળા જેટલું જ હાનિકારક પુરવાર થઈ શકે છે




ભારતીય અધિકારીઓનું કહેવું છે કે ઈરાન યુદ્ધ દેશ માટે એટલું જ વિક્ષોભકારક હોઈ શકે છે જેટલું છ વર્ષ પહેલાં કોવિડ મહામારી હતી અને તેનું નુકસાન આગામી વર્ષો સુધી ચાલુ રહી શકે છે, જે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્રને તેના માર્ગ પરથી ભટકાવવાનો ભય સર્જી રહ્યું છે.

સરકાર હવે ગેસની અછત અને તેલના વધતા બિલોથી પ્રભાવિત વ્યવસાયો અને ગ્રાહકોને રક્ષણ આપવા માટે તેની કોવિડ સમયની વ્યૂહરચનાનો ઉપયોગ કરી રહી છે. નવી દિલ્હીમાં આ પરિસ્થિતિના સંચાલન સાથે સીધી રીતે સંકળાયેલા અધિકારીઓએ, ચર્ચાઓ ખાનગી હોવાને કારણે નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે, આવા એક ઉપાય તરીકે નાના અને મધ્યમ કદની પેઢીઓ અને ક્ષેત્રો માટે રૂ. 2-2.5 ટ્રિલિયનની ક્રેડિટ ગેરંટી યોજના હોઈ શકે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉર્જા આયાત પર ભારતની નિર્ભરતા તે વિશ્વનો ત્રીજો સૌથી મોટો તેલ વપરાશકાર છે અને તેના ગેસનો લગભગ 90 ટકા હિસ્સો પશ્ચિમ એશિયામાંથી મેળવે છે, ઈરાન યુદ્ધને છ વર્ષ પહેલાંની કોવિડ મહામારી જેટલું જ વિક્ષેપકારક બનાવી શકે છે. તેઓએ એમ પણ કહ્યું કે જો

ઈકોનોમી ઈન્સાઈડર

લડાઇ જલ્દી સમાપ્ત થાય તો પણ, લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ(LPG) સહિતના ઉર્જા ઉત્પાદનોના પુરવઠાને સામાન્ય થવામાં વર્ષો લાગી શકે છે કારણ કે અખાતી દેશોએ ક્ષતિગ્રસ્ત સુવિધાઓનું સમારકામ કરવું પડશે.

નાણા મંત્રાલયે અનેક સંભવિત પરિસ્થિતિઓનો નકશો તૈયાર કર્યો છે, જેમાં એક એવી ધારણા છે કે ક્રૂડ ઓઈલના ભાવ આખા વર્ષ માટે સરેરાશ 120 ડોલર પ્રતિ બેરલ રહેશે. આ સંકટમાં ભારતને તેના વૃદ્ધિના માર્ગ પરથી નીચે પાડવાની ક્ષમતા છે. જો કે સરકાર માર્ચ 2027 સુધીના નાણાકીય વર્ષ માટે તેના 6.8% થી 7.2% ના અંદાજને વળગી રહી છે, પરંતુ કેટલાક અર્થશાસ્ત્રીઓએ પહેલાથી જ તેમના અંદાજો ઘટાડવાનું શરૂ કરી દીધું છે. ગોલ્ડમેન સાક્સ ગ્રુપ 2026 માટે 5.9% ની આગાહી કરે છે, જ્યારે ઓક્સફોર્ડ ઇકોનોમિક્સ 6.2% ની અપેક્ષા રાખે છે. નીતિ નિર્ધારકો ભારતનો સંભવિત વિકાસ દર 7-7.5% જુએ છે, જેમાં વારંવાર આવતા આંચકાઓ વિના 8% સુધી પહોંચવાની તક છે, જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આર્થિક એજન્ડાને પહોંચી વળવા માટે જરૂરી ન્યૂનતમ દર છે. ઓક્સફોર્ડ ઇકોનોમિક્સના અર્થશાસ્ત્રી એલેક્ઝાન્ડ્રા હર્મને જણાવ્યું હતું કે, રૂપિયો, ઘરગથ્થુ ખરીદશક્તિ, ગલ્ફ રેમિટન્સ (વિદેશથી આવતા નાણાં), રાજકોષીય અવકાશ અને ખાનગી રોકાણ સહિતના અનેક માર્ગો એકસાથે દબાણ હેઠળ છે. તેણીએ કહ્યું, આ નબળાઈ અસામાન્ય રીતે વ્યાપક છે. અત્યારે આ આંચકો માળખાગતને બદલે ચક્રીય દેખાય છે, પરંતુ જો ઊંચા ઉર્જા ખર્ચ, સબસિડીનું દબાણ અને વિલંબિત ખાનગી મૂડી ખર્ચ ચાલુ રહેશે, તો કેટલીક ચક્રીય ક્ષતિ સંભવિત વૃદ્ધિમાં પણ અવરોધરૂપ બની શકે છે.

સરકારે પંપ પર કિંમતો સ્થિર રાખવામાં મદદ કરવા માટે ડીઝલ અને પેટ્રોલ પરના ટેક્સમાં ઘટાડો કર્યો છે અને પશ્ચિમ એશિયાના પ્રદેશમાં નિકાસ

**જો લડાઈ જલ્દી સમાપ્ત થાય તો પણ, લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ(LPG) સહિતના ઉર્જા ઉત્પાદનોના પુરવઠાને સામાન્ય થવામાં વર્ષો લાગી શકે છે કારણ કે અખાતી દેશોએ ક્ષતિગ્રસ્ત સુવિધાઓનું સમારકામ કરવું પડશે**

કરતા નિકાસકારોને રાહત પેકેજ પૂરું પાડ્યું છે. તેણે વૈશ્વિક આંચકાઓને શોષવામાં અર્થતંત્રને મદદ કરવા માટે 6.2 બિલિયન ડોલરનું આર્થિક સ્થિરતા ભંડોળ પણ અલગ રાખ્યું છે. નાના વ્યવસાયો માટે અત્યારે વિચારણા હેઠળનો પ્રસ્તાવિત લોન પ્રોગ્રામ મે 2020માં મહામારી દરમિયાન શરૂ કરાયેલા પ્રોગ્રામ જેવો જ હશે અને પેઢીઓને તરલતાની તંગીનો સામનો કરવામાં મદદ કરવા માટે 100% ગેરંટીવાળી અને કોલેટરલ-ફ્રી (જામીનગીરી વગરની) લોન ઓફર કરશે. મહામારી દરમિયાન, જ્યારે સરકારે પ્રોત્સાહન પેકેજ રજૂ કર્યું ત્યારે 2020-21માં રાજકોષીય ખાધ તીવ્રપણે વધીને જીડીપીના 9.5% થઈ ગઈ હતી. સરકાર અને આરબીઆઇ તરફથી સંયુક્ત સહાય કુલ 29.87 ટ્રિલિયન રૂપિયા, અથવા જીડીપીના લગભગ 15% હતી, જેમાં લોન ચુકવણી મોરેટોરિયમ, કોર્પોરેટ ટેક્સમાં કાપ અને સ્થળાંતરિત કામદારો માટે મફત અનાજ જેવા પગલાં સામેલ હતા.

ચાલુ નાણાકીય વર્ષ માટે, નાણામંત્રી નિર્મલા સીતારમણે 4.3%ની રાજકોષીય ખાધનું લક્ષ્ય રાખ્યું હતું, પરંતુ સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડના અનુભૂતિ સહાય જેવા અર્થશાસ્ત્રીઓ અપેક્ષા રાખે છે કે તેલના ઊંચા ભાવને શોષી લીધા પછી તે 0.7 થી 0.9 ટકા વધીને જીડીપીના 5% થી ઉપર જશે. અધિકારીઓએ જણાવ્યું હતું કે કટોકટીના કારણે ચાલુ નાણાકીય વર્ષ માટેના બજેટ અંદાજો બદલાઈ શકે છે, પરંતુ ચોક્કસ અસર વર્ષના બીજા ભાગમાં જ સ્પષ્ટ થશે જ્યારે સરકાર પાસે મૂલ્યાંકન કરવા માટે પૂરતો ડેટા હશે. વધતા ઉર્જા આયાત બિલ અને વધતી જતી રાજકોષીય ખાધનું મિશ્રણ વિદેશી રોકાણકારોને ચિંતિત કરી રહ્યું છે. વિદેશી ભંડોળે વર્ષના પ્રથમ થોડા મહિનામાં સ્થાનિક બજારોમાંથી લગભગ $19 બિલિયન પાછા ખેંચી લીધા છે, જે 2025 ના આખા વર્ષના રેકોર્ડની નજીક છે. તેણે રૂપિયાને ડોલર સામે 95 ના અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે ધકેલી દીધો છે, જેના કારણે મધ્યસ્થ બેંકે બેંકોના સટ્ટાકીય સોદાઓને રોકવા માટે એક દાયકામાં તેના કેટલાક સૌથી આક્રમક પગલાં લેવા પડ્યા છે. અર્થતંત્ર અને બજેટ બંને પરનો પ્રહાર મુખ્યત્વે તેલના ભાવમાં વધારાથી આવે છે, જેને સરકાર અત્યારે શોષી રહી છે. પરંતુ જો સમુદ્રમાર્ગ બંધ રહેશે અને કિંમતો ઊંચી રહેશે તો તે સ્થિતિ લાંબો સમય ટકશે નહીં. આ દૃશ્યને વધુ ગૂંચવતા, સામાન્ય કરતા ઓછા ચોમાસાના વરસાદની ચિંતા વચ્ચે માર્ચમાં ફુગાવો વધ્યો હતો. મોદીના મુખ્ય સચિવ શક્તિકાંત દાસ, જેમણે સેન્ટ્રલ બેંકના ગવર્નર તરીકેની તેમની અગાઉની ભૂમિકામાં કોવિડ મહામારીને સંભાળી હતી, તેમણે ગયા અઠવાડિયે જણાવ્યું હતું કે ગલ્ફમાં તાજેતરની લડાઇ અને હોર્મુઝની સામુદ્રધુનીના બ્લોકેડથી કોવિડ દરમિયાન જોયેલા માંગનો વિનાશ અને પુરવઠા શૃંખલામાંના ગંભીર વિક્ષેપોની યાદો તાજી થઈ ગઈ છે.

# AI ક્રાંતિનો પ્રભાવ: વૈશ્વિક બજારમાં અસ્થિરતાના પગલે ભારતીય આઈટી સેક્ટરમાં ધોવાણ




એઆઇ આધારિત પરિવર્તન વચ્ચે વૈશ્વિક બજારોમાં વધતી અસ્થિરતા અને ભારતીય આઇટી સેક્ટર પર પડતો દબાણ હાલમાં રોકાણકારો માટે ચિંતાનો વિષય બની ગયો છે. વર્તમાન કારોબારી સેશનમાં વિશ્વભરના શેરબજારોમાં વોલેટિલિટી યથાવત રહી છે, જેના પાછળનું મુખ્ય કારણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઝડપી પ્રસાર અને તેની અસરથી ભવિષ્યમાં નોકરીઓ પર પડનારી સંભાવિત અસર છે. ખાસ કરીને ભારતીય આઇટી સેક્ટરમાં પસંદગીયુક્ત ધોવાણ જોવા મળી રહ્યું છે, જે બજારમાં વધતી અનિશ્ચિતતાનું પ્રતિબિંબ છે.

છેલ્લા કેટલાક સમયથી એઆઇ ટેક્નોલોજી બિઝનેસ મોડલને મૂળભૂત રીતે બદલતી જઇ રહી છે. મોટા કોર્પોરેટ્સ હવે ઓટોમેશન, મશીન લર્નિંગ અને જનરેટિવ એઆઇ તરફ ઝડપથી આગળ વધી રહ્યા છે, જેના કારણે પરંપરાગત આઇટી સર્વિસ મોડલ સામે પડકાર ઊભા થયા છે. આ પરિસ્થિતિમાં ભારતની અગ્રણી આઇટી કંપનીઓ ટીસીએસ, ઇન્ફોસિસ અને વિપ્રોના શેરોમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે અને કેટલાક કેસમાં તેઓ બાવન સપ્તાહના નીચલા સ્તરે ટ્રેડ કરી રહ્યા છે. આ પ્રવૃત્તિ રોકાણકારોના ભય અને અનિશ્ચિતતાને સ્પષ્ટ રીતે દર્શાવે છે.

વિશ્વસ્તરે જોવામાં આવે તો, વિવિધ સંસ્થાઓના અંદાજ મુજબ એઆઇ આવતા દાયકામાં વૈશ્વિક અર્થતંત્રને નવી દિશા આપશે. પીડબ્લ્યુસીના અંદાજ પ્રમાણે 2035 સુધી વૈશ્વિક આર્થિક વૃદ્ધિમાં નોંધપાત્ર વધારો થઇ શકે છે, પરંતુ આ વિકાસ સુધી પહોંચવા માટે બજારમાં તબક્કાવાર ઉથલપાથલ અને પ્રોફિટ બુકિંગ યથાવત રહી શકે છે. કેટલાક ઉદ્યોગ નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આગામી 12થી 18 મહિનામાં મોટી સંખ્યામાં વ્હાઇટકોલર નોકરીઓ પર જોખમ આવી શકે છે, જેનાથી રોકાણકારોમાં વધુ સાવચેતીનો માહોલ સર્જાયો છે.

ભારતીય અર્થતંત્ર માટે આઈટી સેક્ટર ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તે દેશના જીડીપીમાં અંદાજે 7થી 7.5 ટકા ફાળો આપે છે. જો આ સેક્ટરમાં મોટા પાયે નોકરીઓમાં ઘટાડો થાય

ગ્લોબલ બઝ

તો તેની અસર માત્ર ટેક કંપનીઓ સુધી મર્યાદિત નહીં રહે, પરંતુ બેંકિંગ, ઓટોમોબાઇલ, હાઉસિંગ અને ઇન્સ્યોરન્સ જેવા જોડાયેલા સેક્ટરો પર પણ નકારાત્મક અસર પડી શકે છે. આ કારણે બજારના અન્ય વિભાગોમાં પણ દબાણ જોવા મળી શકે છે.

**ઉદ્યોગ નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આગામી 12થી 18 મહિનામાં મોટી સંખ્યામાં વ્હાઇટકોલર નોકરીઓ પર જોખમ આવી શકે છે, જેનાથી રોકાણકારોમાં વધુ સાવચેતીનો માહોલ સર્જાયો**

# ગલ્ફ યુદ્ધવિરામનો મામલો અધ્ધરતાલ- એગ્રીકોમોડિટીઝમાં ગર્ભિત તેજી

બિરેન વકીલ




અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યોજેલી પ્રેસ વાર્તામાં ફરી એક વાર ટ્રમ્પ પર હુમલાનો પ્રયાસ નાકામ નાવાયો હતો. ટ્રમ્પે શાસનની ધૂરા સંભાળી પછી આવો ત્રીજો બનાવ છે. પહેલા બનાવમાં જૂલાઇ ૨૦૨૪માં ટ્રમ્પ બાલબાલ બચ્યા હતા. ગોળી કાનની નજીકથી પસાર થઇ ગઇ હતી. બીજો બનાવ ગત વરસે મારીઆ લાગો એમના રિસોર્ટમાં નોંધાયો હતો પણ એ વખતે ટ્રમ્પ ઘણા દૂર હતા. તાજેતરના પ્રયાસમાં કેલિફોર્નીયાના નિવાસી પાસેથી એકથી વધારે હથીયાર જપ્ત કરાયા હતા. સુરક્ષાકર્મી પર ગોળીબાર થયા હતા પણ બુલેટપ્રુફ જેકેટને કારણે કોઇ ઇજા થઇ નહોતી. વોશિંગ્ટનમાં હોટેલ હિલ્ટનમાં આયોજીત પ્રેસવાર્તા ખોરવાઇ હતી, હવે ફરી યોજાશે એવા અહેવાલો છે. જોગાનુજોગ આ જ હોટેલમાં ૧૯૮૧માં તતકાલિન અમેરિકી પ્રમુખ રોનાલ્ડ રિગન પર ગોળીબાર થયો હતો. એમને ઇજા થઇ હતી પણ જીવ બચી ગયો હતો. ટ્રમ્પ ઉપર હુમલાનો પ્રયાસ ફરી એકવાર નાકામ રહ્યો છે. અણીચૂકયો સો વરસ જીવે એ ઉકિત સાવ સાચી ઠરી છે.

દરમિયાન ઇરાન-અમેરિકા વચ્ચે યુધ્ધવિરામના સેકન્ડ રાઉન્ડમાં ઇરાનના વિદેશમંત્રી અગરાચી અમેરિકી પ્રતિનિધી મંડળને મળ્યા વીના જતા રહ્યા હતા. અમેરિકી પ્રતિનીધિ મંડળ પહોચ્યું હતું કે નહી એ મામલે કોઇ સામાચાર નથી. ટ્રમ્પે યુદ્ધવિરામને અચોક્કસ મુદત માટે લંબાવ્યા પછી પણ નેવલ બ્લોકેડ હટાવ્યું નથી. ઇરાને હોરમુઝ ખોલ્યું નથી. શનિવારે ઇઝરાયેલ હીઝબોલ્લા વચ્ચેનો યુધ્ધવિરામ પડી ભાંગ્યાના એંધાણ મળે છે. આખોયે ઘટનાક્રમ ફેસ સેવીંગ ફોર્મયુલામાં પલટાઇ ગયો હોય એમ લાગે છે. ક્રુડઓઇલ પુરેપુરી વોરબેટિંગ માર્કેટ બની ચૂકી છે. ઇન્સાઇડર ટ્રેડિંગ મામલે અમેરિકી કોમોડીટી રેગ્યુલેટર સીએફટીસી તપાસ કરી રહ્યું છે પણ અંતે તો કુલડીમાં ગોળ ભાંગયા જેવું જ થશે એવું અત્યાર સુધીના અનુભવો કહે છે. ઇરાનમાં વોર સેન્ટિટીવ ટ્વિટના થોડા જ સમય પહેલા મોટા સોદા, વારંવાર જોવાતા આવા સોદા કોઇ જોગાનુજોગ ન હોય. હવામાં ઓકસિજન હોય એ મહેસુસ થાય પણ દેખાય નહી, ઇન્સાઇડર ટ્રેડિંગ પણ મહેસુસ થાય, દેખાય નહી.

શેરબજારોની વાત કરીએ તો આઇટી શેરોમાં પરિણામો અપેક્ષાથી ઘણા કમજોર રહેતા નિફ્ટી, આઇટી ઇન્ડેક્સ, અને સેન્સક્સ તૂટયા હતા. આઇટી શેરોમાં કમજોર ગાઇડન્સ વચ્ચે ધોધમાર વેચવાલીએ એચસીએલ વીકમાં ૧૬.૬ ટકા, ઇન્ફોસીસ ૧૨.૪ ટકા, ટેક મહીન્દ્રા ૧૦ ટકા અને ટીસીએસ ૭.૨ ટકા તૂટયા હતા. કોફોર્જ, એમફાસીસ જેવા મીડ કેપ આઇટી શેરો પણ તૂટયા હતા. ક્રુડઓઇલ ૧૮ ટકા વધતા અને રૂપિયો ૯૩.૩૦થી ઘટીને ૯૪.૨૫ થતા અને અપેક્ષાથી નબળા ચોમાસાની આશંકા વચ્ચે માનસ થોડુ નર્વસ છે. નિફ્ટીમાં એફએમસીજી, અને એનર્જી શેરો બ્રાઇટ છે. એફઆઇઆઇની વેચવાલી સામે સ્થાનીક એસઆઇપી રિટેલ ફલો ઘણો સારો છે. નજીકના મેક્રોપોલીસી સ્ટેબીલીટી અત્યારે સારી છે, યુધ્ધવિરામ અને ક્રુડમાં ભાવ ફરી ૭૦-૮૦ ડોલરઆવે તો મોટી અપસાઇડ આવી શકે. ક્રુડ સતત ૧૦૦-૧૨૦ ડોલર આસપાસ ટકી જાય, યુધ્ધ તનાવ યથાવત રહે, વૈશ્વિક કોમોડિટી બજારોમાં તેજી રહે તો ઉંચો ફુગાવો, ચાલુ ખાતાની ખાધમાં વધારો અને અલ નીનોની ભીતિ સાચી પડે તો મંદીનો ડર વાસ્તિવકતામાં પલટાઇ શકે. હાલ ભરેલા નાળીયેર જેવી સ્થિતી છે.

**નિફ્ટીમાં વેચવાલી, આઇટી શેરોમાં કડાકો, ટ્રમ્પ પર હુમલાનો પ્રયાસ ફરી એક વાર નાકામ**

અમેરિકી બજારોમાં બુધવારે ફેડની બેઠકમાં વ્યાજદર યથાવત રહી શકે છે. ફેડના ગાઇડન્સ બજારની નજર છે. મે માસમાં પોવેલનો ચેરમેન તરીકે કાર્યકાળ પુરો થાય છે પણ ફેડ ગવર્નર તરીકે એમની મુદત ૨૦૨૮માં પુરી થાય છે. એમની સામે કાનૂની તપાસ ચાલુ છે, જયાં સુધી તપાસ પુરી ન થાય ત્યા સુધી નવા ચેરમેન કેવીન વોર્શને સ્વિકૃતી ન આપવી એ મામલે બેન્કિંગ કમીટીના ચેરમેન થોમસ ટીલીસ પ્રતિબધ્ધ છે. વોશિંગ્ટન વહીવટીતંત્ર, ન્યાયવિભાગ, ફેડ વચ્ચે આંતરીક મતભેદો દેખાય છે. ટેરિફથી માંડી ઇરાન-ગાઝા વોર જેવા મામલે ટ્રમ્પને કોઇનો સાથ નથી મળતો. અમેરિકામાં ફ્યુલ, ખાતરના ભાવો અસહ્ય વધતા મધ્યમવર્ગ અને ખેડુતો પરેશાન છે. નવેમ્બરમાં મધ્યસત્ર ચૂંટણી છે, ટ્રમ્પનું એપ્રુલવ રેટિંગ સતત તૂટતું જાય છે. શેરબજારમાં ઘટી ઘટીને બાઉન્સ આવે છે. એઆઇ હાઇપનો ટેકો મળે છે પણ તેજીમાં જોમ નથી દેખાતું. અમેરિકામાં ફેડરલ દેવું ૩૯ ટ્રિલિયન ડોલર થઇ ગયું છે. જેવાની લિમિટ ૪૧ ટ્રિલિયન નજીક છે. વારંવાર દેવાની સિલિંગ વધારવી પડે છે. પાછલા ૫૦ વરસોમાં ૭૮ વાર દેવાની સિલિંગ વધારાઇ છે.

અમેરીકી બજારો માટે ડેટા હેવી-બીગ ઇવેન્ટફુલ વીક આવ્યું છે. ફેડની મિટિંગ ઉપરાંત બીગ ટેક કંપનીઓમાં મેટા, માઇક્રોસોફ્ટ,ગુગલ આલ્ફાબેટ, એમેઝોનના પરિણામો આવશે. ટેસ્લાના પરિણામો વન ટાઇમ ઇન્વેન્ટરી કલીઅરિન્સને કારણે થોડા બેટર દેખાયા છે. એપલના પરિણામો શુક્રવારે બજાર બંધ થયા પછી આવશે. પંડિતોની નજર ફેડના પીસીઇ ઇન્ડેક્સ પર રહેશે. ફેડ ફુગાવો-વ્યાજદર મામલે પીસીઇ ઇન્ડેક્સ પર વધારે ભાર આપે છે.

કોમોડિટીઝ બજારોમાં સોનાચાંદી-મેટલ્સમાં સાંકડી વધઘટે વચ્ચે રિકવરી બાઉન્સ આવ્યો છે. હોરમુઝ- અલ નીનો- અમેરીકી નેવલ બ્લોકેડ જેવા કારણોસર જહાજી નૂરભાડા વધ્યા છે. અમેરિકામાં ૭૦ ટકા વિસ્તારમાં દુકાળ છે. ખાતર-ડિઝલના ભાવો વધતા ઘઉ-મકાઇ-કોટનના વાવેતરો ઘટી શકે, જૂવાર, ઘાસચારો, કઠોળ ખેડુતો માટે પ્રાયોરીટી બની શકે. રાયડો-એરંડા- કપાસમાં આગામી ચોમાસુ મોટું સ્વિંગ ફેક્ટર છે.

# હોનારતોના જોખમો હવે વિકાસલક્ષી અને નાણાકીય પડકાર બની ગયા છે



હોનારતોના જોખમો હવે માત્ર પર્યાવરણીય ચિંતા પૂરતા સીમિત નથી રહ્યા, પરંતુ વૈશ્વિક સ્તરે એક મોટો વિકાસલક્ષી અને નાણાકીય પડકાર બની ગયા છે, તેમ નાણા મંત્રાલયના આર્થિક બાબતોના સચિવ અનુરાધા ઠાકુરે હાલમાં જણાવ્યું હતું. કોલેશન ફોર ડિઝાસ્ટર રિસિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (CDRI) દ્વારા સ્થિતિસ્થાપકતા માટે નાણાં એકત્ર કરવા પર આયોજિત એક કોન્ફરન્સમાં બોલતા તેમણે ચેતવણી આપી હતી કે ક્ષતિગ્રસ્ત રસ્તાઓ, ખોરવાયેલી વીજ પ્રણાલીઓ અને પૂરગ્રસ્ત શહેરી નેટવર્ક હવે સીધી રીતે આર્થિક વૃદ્ધિને અસર કરે છે, જાહેર નાણાં પર દબાણ લાવે છે અને આજીવિકાને નુકસાન પહોંચાડે છે–જેના કારણે હોનારતો હવે ગૌણ મુદ્દો રહેવાને બદલે મુખ્ય નીતિ વિષયક ચિંતા બની ગઈ છે.

વિશ્વભરના નાણા મંત્રાલયો અને નીતિ ઘડવૈયાઓ માટે, હોનારતો હવે માત્ર પર્યાવરણીય ચિંતા નથી, તે મૂળભૂત રીતે વિકાસ અને નાણાકીય પડકાર છે. ઠાકુરે વધુમાં જણાવ્યું હતું કે સ્થિતિસ્થાપકતા આર્થિક રીતે સમજદારીભર્યું પગલું છે, જેમાં શરૂઆતથી જ કરવામાં આવતું મજબૂતીકરણ લાંબા ગાળાના ખર્ચમાં ઘટાડો કરે છે, વિક્ષેપોને અટકાવે છે અને તે માત્ર એક સુરક્ષા કવચ તરીકે નહીં પરંતુ ઉત્પાદકતા વધારનાર પરિબળ તરીકે કાર્ય કરે છે. તે માત્ર એક સુરક્ષા કવચ નથી. વાસ્તવમાં, તે ઉત્પાદકતા વધારનાર રોકાણ છે, તેમ તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું.

તેમણે જાહેર નાણાકીય પદ્ધતિઓમાં સક્રિય આપત્તિ જોખમ ધિરાણ માળખાના સમાવેશ પર પણ ભાર મૂક્યો હતો. રાષ્ટ્રીય બજેટને સુરક્ષિત રાખવા, આર્થિક સ્થિરતા જાળવવા અને ટકાઉ વિકાસ સુનિશ્ચિત કરવા માટે આ માળખાં અત્યંત મહત્વપૂર્ણ છે તેમ તેમણે માન્યું હતું. ઠાકુરે હોનારતોના જોખમોમાં આવતા મૂળભૂત પરિવર્તન પર પ્રકાશ પાડ્યો હતો, જ્યાં છેલ્લા પાંચ દાયકામાં વૈશ્વિક હોનારતોમાં પાંચ ગણો વધારો થયો છે. આપણી સામે પ્રશ્ન હવે એ નથી કે આપત્તિ આવશે કે કયા સ્તરે આવશે, પરંતુ પ્રશ્ન એ છે કે શું આપણું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેના માટે તૈયાર છે, તેમ જણાવતા તેમણે ભાર મૂક્યો હતો કે દરેક આંચકો માત્ર ભૌતિક વિનાશ જ નથી છોડતો પરંતુ સરકારી તિજોરી પર મોટું બિલ પણ છોડે છે.

તેમણે નોંધ્યું હતું કે સ્થિતિસ્થાપકતા માત્ર એક વધારાની વસ્તુ તરીકે રહી શકે નહીં પરંતુ તેને આયોજન, ધિરાણ અને અમલીકરણમાં પ્રોજેક્ટ ડિઝાઈનના તબક્કાથી જ વણી લેવી જોઈએ. આર્થિક બાબતોના વિભાગ (DEA) ના સચિવે ભાર મૂક્યો હતો કે હોનારત આવ્યા પછી સુધારા કરવાને બદલે રોકાણો અને સમુદાયોને સક્રિયપણે બચાવવા માટે સ્થિતિસ્થાપકતા અનિવાર્ય છે. અમારું માનવું છે કે સ્થિતિસ્થાપકતાને પછીના વિચાર તરીકે નહીં, પરંતુ પ્રોજેક્ટના સ્ટ્રક્ચરિંગ, ધિરાણ અને ડિલિવરીમાં માર્ગદર્શક સિદ્ધાંત તરીકે ગણવી જોઈએ,

ઓફ-બીટ

તેમ તેમણે ઉમેર્યું હતું. ઠાકુરના જણાવ્યા મુજબ, સ્થિતિસ્થાપકતા મુખ્ય પ્રવાહમાં હોવી જોઈએ, હાંસિયામાં નહીં. તેને મૂલ્યાંકન માર્ગદર્શિકા, પ્રાપ્તિ પ્રક્રિયાઓ અને ધિરાણ માળખામાં મુખ્ય પ્રવાહમાં લાવવાની જરૂર છે, જેમાં મંત્રાલયો અને એજન્સીઓ વચ્ચે સંસ્થાકીય જોડાણ હોવું જોઈએ.

**છેલ્લા પાંચ દાયકામાં વૈશ્વિક હોનારતોમાં પાંચ ગણો વધારો થયો છે. આપણી સામે પ્રશ્ન હવે એ નથી કે આપત્તિ આવશે કે કેટલી તીવ્રતાથી આવશે, પરંતુ પ્રશ્ન એ છે કે શું આપણું ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેના માટે તૈયાર છે?**

તેમણે એમ પણ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભાગીદારી આવશ્યક છે, ખાસ કરીને વિકાસશીલ દેશો માટે કે જેઓ ઓછા સંસાધનો સાથે સૌથી વધુ જોખમનો સામનો કરે છે. આ કાર્યક્રમમાં લોન્ચ કરવામાં આવેલ મેઈનસ્ટ્રીમિંગ ડિઝાસ્ટર રિઝિલિયન્સ ઈન્ટુ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ” અહેવાલ સ્થિતિસ્થાપકતાને અવરોધતી પાંચ મુખ્ય ખામીઓને જુદી તારવે છે. જેમાં પ્રમાણભૂત કરાર, પ્રોજેક્ટના જીવનચક્રમાં રહેલી ખામીઓ, નબળી ડેટા અને જોખમ પ્રણાલી, મર્યાદિત સંસ્થાકીય ક્ષમતા અને અપૂરતું ધિરાણ તથા જોખમ કવચનો સમાવેશ થાય છે. એકીકરણ વિના, વાર્ષિક નુકસાન વિકાસના લાભોને ઉલટાવી શકે છે, જેમ કે કેરળના પૂર અને ચક્રવાત ફેનીમાં જોવા મળ્યું હતું, જ્યાં નિર્ણાયક માળખાગત સુવિધાઓ કુલ પ્રત્યક્ષ નુકસાનના લગભગ 50 ટકા હિસ્સો ધરાવતી હતી. આ ખામીઓને દૂર કરવા માટે, અહેવાલ ઉચ્ચ-અગ્રતા ધરાવતા પ્રોજેક્ટ્સ માટે ફરજિયાત સંકટ, જોખમ અને નબળાઈના મૂલ્યાંકનની ભલામણ કરે છે જેથી પ્રોજેક્ટ મંજૂર થાય તે પહેલાં જોખમ ઓળખી શકાય. તે કરારોમાં સ્પષ્ટ સંકટ મર્યાદાઓ લખવાનું પણ આહવાન કરે છે, જે જ્યારે આપત્તિઓ પ્રોજેક્ટને ખોરવે ત્યારે જવાબદારીઓને વધુ સ્પષ્ટ બનાવશે. ધિરાણની બાજુએ, અહેવાલ સ્થિતિસ્થાપકતાના પગલાંના વધારાના ખર્ચને સરભર કરવામાં મદદ કરવા માટે ‘ઇન્ડિયા ઈન્ફ્રાસ્ટ્રક્ચર રિઝિલિયન્સ ફંડ’ બનાવવાની માંગ કરે છે. તે ભવિષ્યની આપત્તિઓના નાણાકીય બોજને ઘટાડવા માટે સોવરિન રિસ્ક પૂલ્સ અને કેટાસ્ટ્રોફ બોન્ડ્સ સહિતના નવીન ધિરાણ અને જોખમ ટ્રાન્સફર સાધનોનું પણ સૂચન કરે છે.